# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

પ્રધાનો છે કઠપૂતળાં, માફિયા, રાજ ચલાવે છે,
નેતાની નસ રાખે હાથ, માફિયા રાજ ચલાવે છે -
ધાક-ધમકી, ખૂન-કરાવે સસ્પેંડ, ખનન-માફિયા,
ખોદી નાખે છે આખું તંત્ર, માફિયા રાજ ચલાવે છે..

## હાઈકુ

રાખશે ભૂખ્યાં!
ગરીબ બાળકો ને-
બેદરકારી..
(ખોરાકી-ઝેર ના બનાવો)

વટાવી હદ
સત્તા, બેશરમીની
શ્રીનિવાસને..
(પાછા ચીટકી બેઠા!)

## ચિંતન

**ઇતઃ સ્વપિતિ કેશવઃ કુલમિત સ્તદીય દ્વિષાં મિતશ્ચ શરણાર્થિનાં શિખરિણાં ગણાઃ શેરતે ।**
**ઇતો અપિ વડવાનલઃ સહ સમસ્ત સંવર્ત કૈરહો અહો વિતત મૂર્જિતં ભરસંહ ચ સિંધોર્વપુઃ ॥**

સમુદ્રમાં સુનામી આવે કે મોટી ભરતી આવે ત્યારે તેના વિશાળ અને વિકરાળ સ્વરૂપનો અંદાજ આવે છે અહીં સમુદ્રનું મહાત્મય કહ્યું છે :

'અહીં, સમુદ્રમાં ભગવાન વિષ્ણુ સુતા છે, અહીં તેમના શત્રુ-દુશ્મનોનો સમુદાય પણ છુપાયો છે. અહીં, સમુદ્રમાં પર્વતો પણ શરણાર્થી થઇ છૂપાઇને પડેલા છે. અહીં બધા પ્રલય સમયનાં સમવર્તક મેઘો સાથે વડવાનલ પણ સમુદ્રના પેટાળમાં છે અહો સમુદ્રનું શરીર કેવું વિશાળ, શક્તિશાળી અને ભાર વહન અને સહન કરી શકે તેવું છે!'

આ શ્લોકમાં પૌરાણિક કથાના બે પ્રસંગનો ગુપ્ત સંકેત આપી સમુદ્રનો મહિમા કહેવામાં આવ્યો છેઃ (૧) પૌરાણિક કથા અનુસાર કાલકેય રાક્ષસનું મંડળ દેવતાને પરેશાન કરતો. હવન ધ્વંસ કરી ઋષિમુનિઓ પર આતંક કરતો અને પછી આતંકવાદીની જેમ સમુદ્રમાં છુપાઇ જતો. ભગવાન વિષ્ણુના દુશ્મન કહ્યા છે. (૨) પૂર્વે પર્વતોને પાંખો હતી તેથી ઉડતા રહેતા અને દેવોના વિમાન સાથે અથડાઇ અકસ્માત કરતા. ઇંદ્રએ પોતાના વ્રજથી પર્વતોની પાંખો કાંપી. આ હુમલાથી બચવા મૈનાક નામનો પર્વત અને તેના સાથીદારો સમુદ્રમાં સંતાઇ ગયા.

આમ વિશાળ સમુદ્ર અનેકોનું શરણું પણ બને છે અને છતાં ય સૌમ્ય જ દેખાય છે.

## સુવિચાર

- શબ્દો કરતાં વર્તન વધુ અસરકારક બની જાય છે મૌનથી જ વાત સંવાદ થઇ જાય તે સર્વોત્તમ સંબંધ કહી જ શકાય **- દોસ્તોવેસ્કી**
- આપણે બધા પ્રેમ કરવા માટે જન્મ્યા છીએ. આજ અસ્તિત્વનો સિદ્ધાંત છે. જેને પ્રેમ કરતાં આવડે છે એને બીજું કંઇ શીખવાની જરૂર નથી **- ઓશો**
- બીજાને માટે અતિ લાગણી થાય, પોતાની જાતને વીસરી જવાય, સ્વાર્થને અંકુશમાં રખાય અને સાચી લાગણીમાં મગ્ન થવાય ત્યારે જ માનવજીવન સંપૂર્ણ સાર્થક ગણાય **- સાધુ વિનય પ્રિયદાસજી**
- સારા માણસ બનો પણ તે સાબિત કરવાનો પ્રયત્ન ન કરો **- તમિલ કહેવત**
- શરીર કયાંક હોય અને જીવ કયાંક... તન કયાંક હોય મને મન કયાંક ત્યારે જીંદગી ઢસડાતી હોય છે **- એસ. ભટ્ટાચાર્ય**
- હે પરાજય પામનારા, પૂછવું છે? વિજય મળવા છતાં હું કાં રડ્યો છું?? તમે શોધો તમોને એ જ રીતે, હું ખોવાયો પછી મુજને જડ્યો છું **- શયદા**
- સંપૂર્ણ વિશ્વાસ રાખે એ જ વ્યક્તિ સંપૂર્ણ વફાદારીની માંગણી કરી શકે **- અરબી કહેવત**

## બોધ કથા

આપણે યાત્રાઓ, પ્રવાસ, મંદિરો, વ્યાખ્યાનો ગુર-બાવા-સંતો-આશ્રમમાં ભટકી આત્માની શક્તિ-જગાડવા સતત અને સખત પ્રયત્ન કરીએ છીએ હકીકતમાં 'આત્મા' અંદર જ છે અને તેને ચેતનવંત બનાવવા ભક્તિ (ઘરમાં બેસીને જ) ધ્યાન-તપ-ઉપાસના-જાપ દ્વારા પ્રયત્ન કરવા જોઇએ. બહારની કોઇ 'શક્તિ' મદદરૂપ ન થઇ શકે.

એક નાના ગામનાં જમીનદાર પાસે અઢળક ધન હતું પણ તે કયાં અને કેમ વાપરવું એની સમજ ન હતી.

એકવાર શહેરમાં ગયો અને સંબંધીઓને ગાડીમાં ફરતા જોયા. પોતે પણ મોંઘામાં મોંઘી બીએમડબલ્યુનો ઓર્ડર આપી આવ્યા. એજન્ટ ઘરે ગાડી મૂકી ગયો અને જમીનદારને ગાડીની ચાવી આપી ગયો.

આવી કિંમતી ગાડી હતી પણ ચલાવે કોણ? આવડે તો ને? એટલે શેઠે ગાડી આગળ પોતાની બગીના બે ઘોડા બાંધ્યા અને એનાથી ગાડી ચલાવી પોતાની ગાડીમાં બેઠા, અને ગાડીમાં બેસવાનો સંતોષ માત્ર લીધો.

આપણે પણ બહારથી અશ્વ શક્તિથી આપણો આત્મારૂપ રથ ચલાવીએ છીએ. ખરેખર તો આપણા આત્મામાં જ સેંકડો અશ્વની 'શક્તિ' ભરી પડે છે પણ આપણે એ તરફ નજર પણ કરતા નથી - સમજ હોય તો ને?

Email - sureshchandrabhatt18@gmail.com

# નગરનો પરિચય એટલે એની સંસ્કૃતિ-સંસ્કારિતા, છેલ્લા ૧૦-૧૫ વર્ષમાં આ નગરે એવી કમાલ કરી છે કે, એના માટે પણ કલા, સાહિત્ય, સેવા શિક્ષણ નગરી તરીકેનાં વિશેષણ ગૌરવભેર વાપરી શકાય

## ધબકતું અને રહેવું ગમે એવું વ્હાલું ગાંધીનગર

- પ્રજ્ઞા પટેલ



ગાંધીનગર, ગુજરાત રાજયનું પાટનગર - રાજયની રાજધાની. આ એની એક મોટી ઓળખ. હરિયાળા પાટનગર તરીકે પણ એણે બિરૂદ મેળવ્યું હતું એક સમયે. વર્ષો સુધી 'સરકારી શહેર' તરીકે પંકાયેલું રહ્યું. આજથી ત્રણ-ચાર દાયકા પહેલાં 'આંધીનગર' તરીકે પણ ઓળખાતું હતું, કેમ કે એ વખતે ખૂબ ખુલ્લે એવો વિસ્તાર, રહેણાંક અને અન્ય મકાનો જૂજ. આસપાસના ગામોનાં એકત્રીકરણથી ગાંધીનગર ઘેરાયું, એટલે બેવડાઉ પણ ખરૂં. આથી ઉનાળાના સમયમાં આંધીઓ ઊડતી અને ઘેરી વળતી.

રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધીજીના નામ સાથે જોડાયેલા આ નગરનો પોતાનો આગવો ઈતિહાસ કે સંસ્કૃતિ નથી, જે પરાપૂર્વથી વારસામાં મળ્યો હોય. પણ આજના સમયમાં આ નગરે પોતાનો આગવો ઈતિહાસ જરૂર રચ્યો છે. પોતાની નિજી સંસ્કૃતિ રચીને વિકસીત કરી છે. ગાંધીનગર વસ્યું, વસતું હતું ત્યારે માત્રને માત્ર સરકારી નોકરી કાજે આવી રહેલાં કુટુંબોની વસ્તી હતી. પછી તો સમયમાં વહાણા વાતાં ગયા. આજે વતનની જેમ અહીં વસેલાં અનેક કુટુંબો છે. કેટલાંક મિત્રો હળવા સૂરે કહે છે, 'અમે ગાંધીનગરના આદિ-વાસીઓ છીએ.' આદિ-વાસી એટલે મૂળ રહેવાસીઓ એ અર્થમાં - કેટલાંક પરિવારોની બે-ત્રણ-ચાર પેઢી આ નગરના ખોળે પાંગરી - વિસ્તરી છે.

આજે ગાંધીનગર સમગ્ર રાજયમાં એક સુઆયોજિત નગર રચના, સુઆયોજિત ક્રમબદ્ધ વિકાસ, આંતરમાળખાકીય સુવિધાઓને કારણે ઘણું જાણીતું અને માનીતું પણ છે. આખા ગુજરાતમાં કયાંય ન હોય એવા પ્રાણીઓ-પક્ષીઓ, નિશ્ચિત માળખામાં રહેણાંક વિસ્તારો - સેકટરો, ખુલ્લા રસ્તા, કક્કો-બારાખડી અને આંકના નંબર પ્રમાણે ઓળખાતા રસ્તા (જેમ કે ક, ખ, ગ, ઘ, ચ, છ, જ અને ૧, ૨, ૩, ૪ પ્રમાણે સેક્ટરો)

... ઘ-૪, ઘ-૫, ગ-૨, ૧૭-૧૨, ૨૪ ચોકડી, ઘ-૧/૨, ૬-૭, ૨૮-૨૯ વગેરે. આ શબ્દો ગુજરાતમાં માત્ર ગાંધીનગરમાં જ સાંભળવા મળે ને તરત ગાંધીનગરવાસીઓ સમજી જાય... બીજા બાધાની જેમ વિકસ્યા કરે. આ પણ એક ખૂબી જ છે. જયારે બીજા ગામ, નગર, શહેરોમાં પોળ હોય, મહોલ્લા -શેરી - સોસાયટીઓ હોય, અહીં ઉપર કહ્યું તે મુજબ લોકેશન અને સેક્ટર, જોવા મળે, પ્લોટ નંબરથી જ રહેઠાણ - ઘર ઓળખાય.

હું ૧૯૮૪થી ગાંધીનગરમાં રહું છું. કયારેય વિચાર્યું નહોતું કે ગાંધીનગરમાં વસીશ, અને છતાં આજે સ્થાયી ભાવે અહીં છું. ગાંધીનગર મને ગમે છે, વ્હાલું છે. ૧૯૮૪થી બરાબર આ નગરને જોતી - ઓળખતી રહી છું એ વર્ષોમાં અમદાવાદ ગાંધીનગર બસમાં કે ડબલ ડેકર બસમાં આવીએ... રસ્તો ભારો લાંબો લાગે. સાબરમતી પછી સાવ સૂનો, ખેતરોનો રસ્તો. છેક ડેપો/પથિકાશ્રમ આવી ત્યારે ગાંધીનગરની થોડી ચહલપહલ જોવા મળે. પછી સીધા ઘ-૫ પહોંચીએ.

ત્યારે થોડી વધુ વસ્તી જોવા મળે. છતાં નિરવ શાંતિનો અનુભવ તો થાય જ. ગાંધીનગરને પ્રમાણમાં શાંત શહેર તરીકે ગણવામાં આવે છે. શાંતિ ખરી, માણવી ગમે એવી. જો કે આજનું ગાંધીનગર તો હવે એની એ શાંતિ, હરિયાળી, ગુમાવી બેઠું છે. વાહન-વ્યવહારનાં સાધનો ખૂબ જ વધી ગયા છે, વસ્તી પણ વધી છે, નગરમાં અને આસપાસનાં વિસ્તારોમાં ફલેટ-બંગલા-સ્કીમોનો, શોપિંગ સેન્ટર, મોલ્સનો રાફડો ફાટ્યો છે. હવે ભીડ વચ્ચે ઘેરાયું છે આ નગર.

આ એક એવું નગર છે, જે બહુ મોટા શહેર જેવું નથી, નથી નાના ટાઉન જેવું. પોતાનું, પરિચિત લાગે એવું નગર છે. શહેરી વિસ્તારોનાં દૂષણો પ્રમાણમાં ઓછા છે અહીં જયાં પણ જઈએ, કોઈને કોઈક પરિચિત મળી જ જાય, વિસ્તરેલું - વિકેસલું છતાં બાથ ભરી શકાય એવું છે આ નગર. આ એની મજાની લાક્ષણિકતા છે.

આજનાં સમયમાં ગાંધીનગર વિદ્યાનગરી - શિક્ષણધામ તરીકે વધુ જાણીતું બન્યું છે. અનેક યુનિવર્સિટીઓ અને વિવિધ અભ્યાસક્રમ અહીં કાર્યરત છે. દેશ-વિદેશના વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ કરી રહ્યા છે. શિક્ષણના ક્ષેત્ર વૈશ્વિક કક્ષાના અભ્યાસક્રમ અહીં સુલભ છે. પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી, ધીરુભાઇ અંબાણી ઈન્સ્ટીટયુટ, કડી સર્વવિદ્યાલય, રક્ષાશક્તિ યુનિવર્સિટી, નેશનલ લૉ યુનિવર્સિટી, નિફ્ટ- એમ અનેકાનેક શૈક્ષણિક એકમો ગાંધીનગરના વિકાસમાં યોગદાન આપી રહ્યા છે. ગિફ્ટ સીટી, ઈન્ફોસીટી, મહાત્મા મંદિર, ચિલ્ડ્ર યુનિવર્સિટી, વાઈબ્રન્ટ ગુજરાત સમિટ, સ્વર્ણિમ પાર્ક વગેરે જેવા રાજય સરકારના પ્રકલ્પોથી પણ નગર વધુ ગતિશીલ બન્યું છે. સારા વાતાવરણમાં ઉચ્ચ અભ્યાસ માટે ગાંધીનગર ફેવરીટ ડેસ્ટીનેશન બની રહ્યું છે. ઈન્ફર્મેશન ટેકનોલોજી ક્ષેત્રના અધિકતમ વિકાસની સાથે અહીં મલ્ટી નેશનલ કંપનીઓ, એમની શાખાઓ, કામગીરીઓ કાર્યરત બની છે. ગાંધીનગરમાં સહજ જ ગુજરાતી લોકોનું સંખ્યાબળ વધુ જ રહે, તેમ છતાં અન્ય રાજયોનાં વિદ્યાર્થીઓ, નોકરી-ધંધાર્થીઓની સંખ્યા પણ વધતી જઈ રહી છે. વધતી વસ્તીનાં પ્રમાણમાં નાના-મોટા રોજગારીની તકો પણ વિસ્તરી છે. દુકાનો - શોપિંગ મોલ, થિયેટર, હોટલ-રેસ્ટોરેન્ટ વગેરેની સંખ્યા વધી છે.

અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગરની હરોળમાં અહીં અને અનેકવિધ, સાહિત્યિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક - સેવાકીય પ્રવૃત્તિઓ અહર્નિશ ચાલતી જ રહેતી હોય છે. આવી બધી પ્રવૃત્તિઓને કારણે જ કોઇ પણ નગરની અસ્મિતા- ઓળખનો પિંડ બંધાતો હોય છે. નગરનો પરિચય એટલે એની સંસ્કૃતિ-સંસ્કારિતા. છેલ્લા ૧૦-૧૫ વર્ષમાં આ નગરે એવી કમાલ કરી છે કે, એના માટે પણ કલા, સાહિત્ય, સેવા શિક્ષણ નગરી તરીકેનાં વિશેષણ ગૌરવભેર વાપરી શકાય.

સાહિત્ય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને ક્ષેત્રે નગરે પોતાની એક આગવી પ્રતિભા - નામના અંકિત કરી છે. એક પણ દિવસ એવો નહીં હોય લગભગ, કે જે દિવસે આ નગરમાં કોઈ પણ સાહિત્ય, સાંસ્કૃતિક પ્રવૃત્તિ ન યોજાઈ હોય. પ્રવૃત્તિઓથી સતત ધમધમતું રહે છે આ નગર.

આ જ છે ગાંધીનગરની સાચી અસ્મિતા, પોતીકી ઓળખ, ગરિમા અને સંસ્કૃતિ. ગાંધીનગરના લયને જેણે માણ્યો હોય એ જ એને સમજી શકે. એનો લય, એનાં સ્પંદનો, એની શાંતિ, પોતીકા નગર તરીકેની અનુભૂતિ, સલામતીની લાગણી - ગાંધીનગરમાં વસતાં નગરજનો જ આ બધું નખશિખ પામી - સમજી શકે.

**(આ સાથે ગાંધીનગર વિષયક એક ગીત રજૂ કર્યું છે, જેને ખૂબ જાણીતા ગાયક - સ્વરકાર શ્રી બિરેન પુરોહિતે ખૂબ સુંદર રીતે કંપોઝ - સ્વરબદ્ધ પણ કર્યું છે.)**

### વ્હાલું ગાંધીનગર

આ છે ગાંધીનગર ગરવું ગાંધીનગર
સ્વચ્છ સુંદર નીત નિરાળું ગાંધીનગર
સતત વિકસતું હરિયાળું ગાંધીનગર
વ્હાલું ગાંધીનગર, વ્હાલું ગાંધીનગર
પૂજ્ય બાપુની પરમ સ્મૃતિ આ ગાંધીનગર
ગુજરાતનું પાટનગર - હૃદય આ ગાંધીનગર
ખુલ્લા રસ્તા મજાના, બાગબગીચા મજાના
શહેરની શોભા બન્યા, સર્કલ મજાનાં...
વાવ અડાલજની, અક્ષરધામ, પ્રકૃતિ ઉદ્યાન
વિધાનસભા, સચિવાલય જોયા મજાના
વ્હાલું ગાંધીનગર, વ્હાલું ગાંધીનગર
સતત વિકસતો જિલ્લો આ ગાંધીનગર
પળ પળ વિકસતો જિલ્લો આ ગાંધીનગર
શિક્ષણ સેવા સંસ્કારની સરિતા
સંસ્કૃતિની આ ભૂમિ પુનિતા...
વ્હાલું ગાંધીનગર, વ્હાલું ગાંધીનગર
ગરવું ગાંધીનગર, હરિયાળું ગાંધીનગર
મારૂં ગાંધીનગર, વ્હાલું ગાંધીનગર.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# એ પણ માણસ હતો, મારા-તમારા જેવો

## કોફી હાઉસ

- ઉત્સવ પરમાર

માણસ મૂળ આશાવાદી. નિરાશ થવા માટે આશાવાદી બનવું જરૂરી છે. આશા તૂટે પછી જ નિરાશા પ્રગટી શકે છે. ક્રિકેટ રમતાં ટેણિયાઓનો બોલ ઝાડીઓમાં જેવો ખોવાય કે, ચાર બ્રાઉન્ડ્રી ફિલ્ડરો ઝાંખરા ફેંદી વળે - અને એવા ફેંદે કે જયાં હાથ ઘાલશે ત્યાંથી બોલ મળશે ને તો'ય ના મળે, થાકે ને ગેમ કલોઝ કરે... નિરાશ થઇને. નિરાશા આશાનું અંતિમ નકારાત્મક પરિણામ છે.

બધામાં આશા હોય. બધામાં નિરાશા હોય. બધા જ રસ્તામાં ચાલે. બધા જ ઠોકર ખાઇને પડે'ય ખરા. પણ પડીને જે ઊભો થાય ને ફરી ફરીને ચાલે ને એ ખરો આશાવાદી... આવા આશાવાદીઓને આપણે ઇતિહાસ પુરૂષો તરીકે - આઇકોન્સ તરીકે જોયા છે...!! આ બે માણસો છે જેણે છાતીઓમાં મુઠ્ઠી ભરી ધબકારા નાખ્યા છે... પરિસ્થિતિઓની સાપેક્ષતામાં નિરપેક્ષતા જાળવી છે... એ પણ માણસ છે... મારા તમારા જેવો... ફેફસાં ફુલાવીને શ્વાસ લેતો, શિયાળામાં ઠંડીથી ધ્રૂજતો, રોજ સાંજે ભૂખ્યો થઇ જતો, તાવ અને ત્યારે કેમિસ્ટની દુકાનેથી પેરાસિટામોલની ચાર ગોળીઓ ખરીદી લેતો... એ પણ માણસ છે મારા તમારા જેવો...!!

એ પણ માણસ હતો, છે, મારા તમારા જેવો... પણ ઝનૂની, કંઇ કરી નાખવાની જીદ વાળો... બેગ પેક કરી એકલો ફરવા નીકળી પડ્યો... (આટલામાં તમે બેશક ધારી લીધું હશે કે આવો બેજાગેપ યુરોપિયન કે અમેરિકન જ હોઇ શકે એન્ડ બિંગો! યુ આર રાઇટ... હીં ઈઝ એન અમેરિકન) જગ્યા હતી ધ ગ્રેન્ડ કેનિયન, ઉટાહ - જયાં ઊંડી ઊંડી કરાડોનું સામ્રાજય છે. અને મોજીલો આ માણસ શરીર બાળતાં તડકાં, સૂની ભેંકાર એકલતા, બેરંગ દુનિયામાં નિર્દયી પથરાઓ અને પાણી વગરની જમીનની રેતીની દુનિયામાં "એકલો" નીકળી પડ્યો. ફેમિલી દૂર છે, મિત્રોને જાણ નથી. રવિન્દ્રનાથ ટાગોરનું "એકલા ચાલો રે.... એવું સાંભળ્યું નહીં હોય, પણ જાણે એ ગીત લોહીમાં ઉતાર્યું હશે. એ ચાલ્યો. ખૂબ ચાલ્યો ને પછી ધબક કરતો એક ઊંડી કરાડમાં ફસાઇ પડ્યો - સાવ નીચે ઊંડે - એકદમ સાંકડી જગ્યામાં અને ઉપરથી પડ્યો એક મોટો પથ્થર... સદીઓથી જાણે એની જ રાહ જોઇને બેઠો હોય એમ... એનાં જમણાં હાથને ફસાવવાનું કાવતરૂં ઘડી બેઠો હોય... એમ પડ્યો. છેક ઊંડે, સાંકડી જગ્યા, એક મોટો પથ્થર અને કરાડની દિવાલ વચ્ચે ફસાયેલો હાથ, ૩૫૦ મિલી પાણી (લગભગ દોઢથી બે ગ્લાસ), બે બરીટોનાં પેકેટ અને પાછલા જીવનની યાદો સાથે એ જિંદગીનાં સૌથી સંઘર્ષપૂર્ણ દિવસો કાઢવાનો હતો. ૩૬૦ કિલોગ્રામનાં પથ્થર અને સીધી સપાટ દિવાલ વચ્ચે ફસાયેલા હાથે જીવન અને મૃત્યુ, આશા અને નિરાશાનાં અંતિમો પર લાવીને મૂકી દીધો. કદાચ બીજું કોઇ હોત તો મરવાની તૈયારી ચાલુ કરી દીધ હોત... પણ આ માણસ નિરાશ થયો, હાર્યો બીજા કોઇની જેમ...!! અને પછી ઊભો થયો... જિંદગીને બાથમાં ભરી મોત સામે લડવા...!! જિંદગીને એક મોકો વધુ આપવા.... ધીમે ધીમે પાંચમાં દિવસે એણે પોતાનાં બે ઇંચનાં બુઠ્ઠા ચપ્પા વડે પોતાનો હાથ, જમણો હાથ કાપી નાખ્યો... (ભૂલશો નહીં, કે હાથમાં પણ હાડકાં હોય છે...) અને દોડી પડ્યો કરાડમાંથી બહાર નીકળવાો રસ્તો શોધી ગ્રાન્ડ કેનિયનની જામિલ - નિર્દયતાને હરાવીને.... એક ફરવા આવેલું પરિવાર આ લોહીથી લથબથ હાથ લઇને ચીસો પાડતા માણસને જોઇ લે છે અને એમ્પ્યુટેશનનાં છઠ્ઠા કલાકે રેસ્ક્યુ ટીમ બચાવી લે છે એને... એ બચી ગયો... કેમ કે કદાચ એણે આકાશ સામે જોઇને ઉપર બેઠેલા ભગવાનને ગાળો આપવામાં 'બહુ' સમય બરબાદ ના કર્યો. એ બચી ગયો... કેમ કે તેણે એવું વા વિચાર્યું કે હવે કંઇ જ ના કરી શકે... એણે બસ સંભાળવાઓનો વિચાર કર્યો... જીવવા માટે મળતી એક એક તકનો વિચાર કર્યો... આ માણસ એટલે એરોન રાલ્સ્ટન... હોલીવુડિયા ફિલ્મોનાં શોખીન લગભગ શરૂઆત લગભગ શરૂઆતથી જ સમજી ગયા હશે કે, સાલ્લો આ પ્લોટ તો ૧૨૭ અવર્સનો છે. (જેનાં ડિરેકટર સ્લમડોગ મિલેયેન્યોરનાં ડેની બોયલ છે...). "

**બધામાં આશા હોય, બધામાં નિરાશા હોય, બધા જ રસ્તામાં ચાલે, બધા જ ઠોકર ખાઇને પડે'ય ખરા, પણ પડીને જે ઊભો થાય ને ફરી ફરીને ચાલેને એ ખરો આશાવાદી...**

એ ૨૬, એપ્રિલ, ૨૦૦૩નાં દિવસે બ્લૂ જહો કેન્યનનાં બનેલી ઘટનાનાં ૧૨૭ કલાકો કદાચ આપણે તર્ક અને બુદ્ધિ કે હૃદયાનુભવોની સહાનુભીતિનાં આધારે જ સમજવાનો પ્રયત્ન કરી શકીએ છીએ... તેની સંપૂર્ણ વેદના કદાચ એરોન એકલો જ જાણતો હશે... અને એટલે જ તે કહે છે, 'મે મારો હાથ નથી ગુમાવ્યો, મેં તો મારી જિંદગી પાછી મેળવી છે...'

એરોન કોઇ સુપરમેન કે સ્પાઇડરમેન નથી, કોઇ ડ્રગ્સનાં ઇન્જેકશન લઇને કે આર્મીની મરીન સિલ્સની ટ્રેનિંગ લીધેલો કમાન્ડો નથી... એ માણસ છે મારા ને તમારા જેવો, એનેય શિયાળામાં ઠંડી લાગે, એનેય ઉનાળામાં ગરમી લાગે, એનેય છોકરીઓ ગમે છે, એનાય ઘરે એની મા રાહ જુએ છે... એરોન એક માણસ છે મારા ને તમારા જેવો... પણ કદાચ એ જિંદગીને વધુ શિદ્દતથી ચાહી ગયો...

●●●

હા... એ પણ માણસ હતો... મારા તમારા જેવો. તમે એને ઓળખતા હશો? ઓળખો છો ને?

# ૧૫% ગરીબી ઘટાડવામાં સાઠ વર્ષ લાગ્યા તો સો ટકા ગરીબી નિર્મૂળ કરવામાં કેટલા વરસ લાગશે? જવાબ આવ્યો ૪૨૦ વરસ લાગે, વાહ યાર સદી પછી આ દેશમાં કોઈ ગરીબ નહી રહે

## ત્રણ મહાન સમાચાર (હાસ્ય - કટાક્ષ)

- અનંત ન. વ્યાસ

આ આપણા વર્તમાનપત્રોને તો જુઓ, કેવી નીતિ છે? વિશ્વ નવાઈમાં ડૂબી જાય. ભારતમાં હર્ષની હેલી ચઢે તેવા એક નહિ. બે નહિ ત્રણ-ત્રણ સમાચાર મળ્યા છે ને છતાંય કોઈ પણ છાપાએ હેડલાઈન ન બાંધી. અરે તેને બ્લોકમાં મુકવા જેટલું મહત્ત્વ પણ ન આપ્યું. છાપાઓએ ભલે કદર ન કરી. પણ અમારા અંતરમાં તો આનંદ ઉભરાઈ આવ્યો. આ તો ઠીક ઘરમાં બેઠેલા નહિવત એકાદ ફુદરડી ફરી તાળી પાડી હોત... આનંદને તો અભિવ્યક્તિ મળવી જ જોઈએ. આખરે અમે ઘરમાં જઈ પોકાર કર્યો. આપણે કંઈ (આર.એમ.) થોડા છીએ તે મોઢું બંધને બંધ રાખીએ. સાંભળો, સાંભળો, આયોજનપંચ કહે છે ભારતમાંથી ગરીબી પંદર ટકા (૧૫%) ઘટી ગઈ. શ્રીમતીજીએ જરા હસીને કહ્યું, 'જરા ધ્યાનથી વાંચો... ઘટી ગઈ કે વધી ગઈ? પણ અમે બરાબર જ વાંચેલું લગભગ અઢારથી વીસ કરોડ માણસો હવે ગરીબ મટી ગયા... નાનો મલય વાત સાંભળી ગયો. કોઈ સંનિષ્ઠ શિક્ષકે તેને ટકાવારીના દાખલા તાજા જ શીખવેલા તે કહે, 'હે દાદા... પંદર ટકા ગરીબી કેટલા વરસમાં ઘટી ગઈ? જવાબ આપવા વિચારવું પડે. માળું કેટલા વરસ થયાં. પણ બાળકની જીજ્ઞાસા શાંત તો કરવી પડે. તેથી કહ્યું., 'હું બેટા લગભગ ૬૦ વર્ષ થયા. તેણે માથું ખંજવાળ્યું. કાગળ પેન્સિલ લીધાને દાખલો ગણ્યા. ૧૫% ગરીબી ઘટાડવામાં સાઠ વર્ષ લાગ્યા તો સો ટકા ગરીબી નિર્મૂળ કરવામાં કેટલા વરસ લાગશે? જવાબ આવ્યો ૪૨૦ વરસ લાગે. વાહ યાર સદી પછી આ દેશમાં કોઈ ગરીબ નહી રહે.' 'હરખ હવે તું હિન્દુસ્તાન' માત્ર ચાર સદી એમ બોલવાનું. હા ૪૨૦ નો તો ઉલ્લેખ જ કરવો. નકામું કોઈને ખોટું લાગી જાય. બાકી દાખલો છે સાચો. ચાર સદી જીવી જાવ તો બસ ભયો ભયો. ના કોઈ ગરીબ, ના બીપીએલ, પણ નાના બાળકના મનમાં ગરીબી ઘટી તે ન ઉતર્યું. મેં તેને કહ્યું જો બેટા તારી મમ્મી ઘણીવાર માગવા આવનારને રોટલી નથી આપતી. ચાર સદી પછી કોઈ માગવા જ નહિ આવે. કોઈ માગનાર જ નહિ હોય... પણ બાળકો આપણે ધારીએ છીએ તે કરતાં વધારે હોંશિયાર - જાણકાર હોય છે. મલય કહે. ભલે માગનાર નહિ રહે, પણ આપણા ઘરમાં રોટલી કરવા જેટલો લોટ રહ્યો હશો ખરો?

લ્યો કહો. આ પ્રશ્નનો જવાબ કેમ આપવા. સાત દાયકાના અનુભવે પચ્ચીસ ટકા વસ્તીના ઘરમાંથી એક ટંકનો લોટ ઓછો થયો છે. બાકીના માટે... પણ ના આવો અધરો દાખલો બાળકોને ગણવા ન અપાય?

બીજા સમાચાર તો વધારે આનંદપ્રદ છે. પંચના ઉપાધ્યક્ષની સત્તાવાર જાહેરાત - ત્રેત્રીસ (૩૩) રૂપિયા જે રોજ ખર્ચી શકે તે ગરીબ ન કહેવાય. 'વાહ પ્રમુખ શ્રી... આપે તો દેશનું નાવ બદલાવી નાખ્યું. મહિને પાંચ હજાર કમાય ને પાંચ ખાનાર હોય તો ગરીબ નહીં. હાં, ભઈ માણસને શું જુવે? બસ્સો ગ્રામ ગાંઠિયા ને એક કપ ચા.' પુરા બત્રીસ થાય... પેટ ભરાઈ જાય... પણ સાહેબ માત્ર ગાંઠિયા ખાઈ ન શકાય. પ્રમુખશ્રી તો ઉચ્ચ ડીગ્રીધારી છે. પરદેશમાં ભણ્યા. ત્યાંથી વિદ્યા તો વ્યક્તિકેન્દ્રી. પણ આપણે ત્યાં વાતાવરણ જુદું છે. ઉપાધ્યક્ષશ્રીએ ગરીબી કદાચ નથી જોઈ તેથી આવા ગતકડા સાધે. પણ આપણે ત્યાં મોટા બોલ્યા કે ટેકો આપનાર નીકળી જ પડે. દિલ્હીવાળા પાંચ રૂપિયામાં પેટ ભરાવે તે મુંબઈવાળા બાર રૂપિયામાં - એક રૂપિયાવાળા પણ છે જ એમ તો અન્નક્ષેત્રો - લંગર - ખેરાત ચાલે છે. લાઈનમાં ઊભા રહી જાઓ. પાંચ રૂપિયા પણ ન પડે... પણ આ મિત્રોને પૂછવું તો પડે. તમે પાંચ રૂપિયામાં જમ્યા છો ખરા? બાર રૂપિયાની દાળનો સ્વાદ તો કહો - પણ આતો મોટા માણસો - તેને કંઈ શરમાય થોડા- બાકી નેતાજીના પેટ તો મોટા હોય. પાંચ પર પાંચ મીંડા ચઢાવે તો ઓડકાર આવે. મીંડામાં શું જોવાનું. ચાર ચડાવો કે છે શું ફેર પડે - દલા તરવાડીનો વંશવેલો ચાલુ જ છે ને હજી વાડીમાં રિંગણા આવે છે પ્રજા પણ રિંગણા ઉગાડ્યા કરે છે ને દલા તરવાડીઓ લઈ જાય છે.

પાંચ રૂપિયાની વાત સાંભળી એક વાત યાદ આવી એક વાર મોરારજી દેસાઈએ કહેલું, 'મારે એક સાબુ બે મહિના ચાલે છે ત્યારે સરદારે વ્યંગ કરેલો 'તમે તમારા સાબુથી મહિનામાં કેટલા દિવસ સ્નાન કરો છો?' હવે નેતાજીને આપણાથી આવું થોડું પૂછાય... એ પાંચ કે બાર રૂપિયા પણ કોના ખીસ્સામાં હશે તે કોણ જાણે...

ત્રીજા સમાચાર જાણી મારી છાતી તો ગજગજ ફુલી. કોણ કહે છે કે આપણા સાંસદો નબળા છે. બહાદુર બંકાઓએ અમેરિકાના પ્રમુખને ધડ દઈ પત્ર લખી નાખ્યો. 'ખબરદાર ન.મો.ને વિઝા આપ્યા છે તો... અમે તમને ના પાડીએ છીએ આ માણસને વિઝા ન અપાય. ને જો આપશો તો...' આ તો પછી શું લખ્યું છે તે કોઈ છાપામાં નથી. પણ આપણે કલ્પના કરીએ... હાં, એક વાત એક વાત ખરી કે અમેરિકાને ધમકી આપી હશે... પણ આપણા સભ્યોશ્રીઓ સુશીલ છે. ત્રાસવાદી જેવી ધમકી તો ન જ આપે, તો પછી અમે રાજીનામું આપી દેશું... અમેરિકામાં સરકારી ખર્ચે દવા કરાવતા સગાં-વહાલાંને પાછા બોલાવી લેશું કે પછી બેન્કોમાં પડેલા નાણાં ઉપાડી લેશું... પણ આ તો આપણને જ નુકશાન થાય. તો પછી... હા યાદ આવ્યું. ઓબામા ડરી જાય તેવી દમકી દેવી જોઈએ. તો કહિશું જો તમે ન.મો. ને વિઝા આપશો. એ માણસાઈ આવશે. ચાર-પાંચ ભાષણ કરશે. અને પછી પ્રમુખપદ માટે ન.મો.નું નામ ગુજરાતીઓ વહેતું મુકશે, બસ આ ધકમી ને ઓબામા સાત વખત વિચાર કરશે... વિઝા આપે પણ આ વિઝાની વાત પરથી, એક પ્રસંગ યાદ આવ્યો ભૂજમાં એક વ્યક્તિ નળ પર હાથ ધોવા આવે. ત્યારે બલકે 'ના, હું તેને મારા ઘરમાં નહિ આપવા દઉં. નહિ આવવા દઉં... અમને તે પાગલ લાગેલા... પણ ખબર પડે છે કે તે અમેરિકન હશે... ભલા કોણ તમારે ત્યાં આવવાનાં વિઝા માગ્યા છે. ૨૦૦૨ થી ૨૦૧૨ સુધીમાં ન.મો. એ કયારેક અમેરિકા જવાની વાત પણ કરી નથી, ને આ બધા કા કૂદે... ને કદાચ માનો કે એવું બને કે આ અમેરિકાને ન.મો. માટે લાલજાજમ બિછાવવી પડે તો તે દિવસે ન.મો. તો કહેવાના. હું શા માટે ત્યાં આવું...' પણ પડકાર ફેંકવામાં તો ભાજપના પ્રમુખ મહોદય પણ પાછા પડે તેમ નથી. એણે પણ અમેરિકામાં જઈને પડકાર ફેંક્યો ... કોને... પાકિસ્તાનને, ચીનને... ના એમ તો એ શાણા નર છે. પડકાર કર્યો કોંગ્રેસને... ઠેઠ અમેરિકાથી આખા ભારતમાં કયાંક જગા ન જડી... કહે 'તમારા પી.એમ. નું નામ જાહેર કરે...' 'લ્યો આને શું કહેવું.' કોંગ્રેસ કલ્ચરથી એ અજાણ્યા છે...? બાકી મનમાં ઊંડાણમાં કોક નવી અભિલાષા છુપાઈ હશે... તો જુદા શબ્દોમાં બહાર પડી ગઈ. સમજી ગયાને... ધન્યવાદ